| | | | |
|---|---|---|---|
| રજુ તા. | **૧૪** | **૦૭** | **૨૦૨૫** |
| દા.તા. | **૧૪** | **૦૭** | **૨૦૨૫** |
| ફૈં.તા. | **૧૬** | **૦૬** | **૨૦૨૬** |
| અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૧૧ | ૦૨ |

**<u>ધ્રાંગધ્રા ના મહેરબાન પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ સાહેબશ્રી ની કોર્ટ સમક્ષ,</u>**
**<u>મુકામ.ધ્રાંગધ્રા</u>**

**રે.મુ.નં. ૭૨૭/૨૦૨૫**
આંક. ૧૯

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
નાયબ ઈજનેરશ્રી, સીટી સબ ડીવીઝન ઓફિસ,તા.ધ્રાંગધ્રા ............. વાદી

વિરૂધ્ધ

ગુજ. મોતીભાઈ ઉકાભાઈ ભરવાડના વારસો
ભરવાડ ખોડાભાઈ મોતીભાઈ,
રહે. ધ્રાંગધ્રા .......... પ્રતિવાદી

---

દાવો : વીજ વપરાશ અંગે રકમ રૂા. ૨૦,૨૩૬.૧૧ પૈસા વસુલ લેવા અંગેનો .. .

---

વાદી તરફે વિધ્વાન વકીલશ્રી એચ.કે.વ્યાસ
પ્રતિવાદી વિરૂધ્ધ એકતરફી કાર્યવાહીનો હુકમ થયેલ છે.

---

## <u>// ચુકાદો //</u>

(૧) વાદીની દાવાઅરજી ની સંક્ષિપ્ત હકીકત એવી છે કે, વાદી કંપની ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ તેમજ ઈલેકટ્રીક સપ્લાય એકટ હેઠળ લાયસન્સી છે અને વીજ પુરવઠો પુરો પાડે છે.પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક છે અને તેમનો ગ્રાહક નં. ૨૪૯૦૩૦૬૦૨૨૫ છે. વાદી કંપનીની પ્રતિવાદી પાસે થી વીજ વપરાશની બાકી લેણી રકમ વસુલ લેવા માટે નોટીસ આપેલ છે. પ્રતિવાદી એ વાદી કંપનીની લેણી રકમ ચુકવેલ ના હોય આ દાવો કરેલ છે. વાદીએ દાવા અરજી સાથે દાવાઅરજી માં જણાવેલ વિગતવાર ની હકીકતના સમર્થનમાં દસ્તાવેજો રજુ રાખેલ છે. વાદી એ માંગ્યા મુજબ ની દાદ મંજુર કરવા અરજ કરેલ છે.

<u>વાદીએ દાવા અરજીમાં નીચે મુજબ ની દાદ મેળવવા આ દાવો કરેલ છે.</u>

અમો વાદીના પ્રતિવાદી પાસે લેણી રહેતી રકમ રૂા. ૨૦,૨૩૬.૧૧ પૈ. નુ દાવાના તમામ ખર્ચ સહીત દાવા તારીખ થી ૧૮ % ટકાના ચડતા વ્યાજે પ્રતિવાદીની હરેક જાત મિલકત થી વસુલ અપાવવાનું વાદીના લાભમાં હુકમનામું કરી આપવા મહે.કરશો.

(૨) દાવાના કામે પ્રતિવાદીના વારસદારને ઈસ્યુ કરેલ સમન્સ પ્રતિવાદીના વારસદારને બજી ગયેલ છે. જે સમન્સ આંક-૦૫ થી રેકર્ડમાં સામેલ રાખેલ છે. પ્રતિવાદી હાજર નથી કે પ્રતિવાદી તરફે કોઈ રજુઆત નથી. જેથી પ્રતિવાદીનો આંક-૦૭ અરજી લગત જવાબનો હકક બંધ કરીને સદર કામ એકતરફી ચલાવવાનો હુકમ કરેલ છે.

(૩) ત્યારબાદ આંક-૦૮ થી મુદ્દા ફ્રેમ કરવામાં આવેલ છે. ત્યારબાદ પુરાવો નોંધવામાં આવેલ છે.જેમાં વાદી દ્રારા સી.પી.સી. ઓર્ડર-૧૮, રૂલ-૪ ના સરતપાસનું સોગંદનામુ તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ વાદી દ્રારા કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે. પ્રતિવાદી આ દાવાની કાર્યવાહીમાં હાજર થયેલ નથી અને તેથી પ્રતિવાદી વિરૂધ્ધ એકતરફી કાર્યવાહી ચલાવવાનો હુકમ થયેલ છે.પ્રતિવાદી દ્રારા આ દાવાની સમગ્ર કાર્યવાહી દરમ્યાન ગેરહાજર રહેલ છે અને તેઓ વિરૂધ્ધ નો એકતરફી કાર્યવાહીનો હુકમ રદ કરાવેલ નથી. આથી, આ દાવા માં પ્રતિવાદી તરફે લેખીત જવાબ રજુ થયેલ નથી કે પુરાવો રજુ થયેલ નથી કે દલીલો પણ રજુ થયેલ નથી. ઉપરોકત હકીકતે પુરાવો નોંધ્યા બાદ વાદીના વિધ્વાન વકીલશ્રી ની દલીલો સાંભળી.

(૪) આ દાવાના નિર્ણય હેતુ આંક-૦૮ થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

૧. શું વાદી પુરવાર કરે છે કે, વાદી પ્રતિવાદીની પાસેથી દાવાવાળી રકમ વસુલ મેળવવા હકકદાર છે ?

૨. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૩. શું હુકમ અને હુકમનામું?

(૪.૧) આ દાવા ના રેકર્ડ પર રજુ પક્ષનિવેદન તેમજ મૌખીક અને દસ્તાવેજી પુરાવો તેમજ દલીલ લક્ષમાં લેતા,ઉપરોકત મુદ્દાઓ નો નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. અંશત: હકારમાં

૩. આખરી હુકમ મુજબ

(૫) **-: મુદ્દાઓ ના નિર્ણય અંગે ના કારણો :-**

ઉપરોકત મુદ્દાઓ ના નિર્ણય અંગેના કારણોની ચર્ચા કરતા અગાઉ રજુ પુરાવાના મુલ્યાંકન સંદર્ભે ની કાયદાકીય જોગવાઈઓ અન્વયે પ્રસ્થાપિત સિધ્ધાંત લક્ષમાં લેતા, સી.પી.સી. ઓર્ડર ૧૪ ની જોગવાઈ મુજબ ઘડવા માં આવેલ મુદ્દાઓનો નિર્ણય, પક્ષકારોના પક્ષનિવેદન, રજુ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો અને દલીલો લક્ષમાં લઈ કરવાનો હોય છે. કેસની ન્યાયીક કાર્યવાહી દરમ્યાન પક્ષનિવેદન થી સ્વીકારેલ હકીકત સિવાયની તકરારી હકીકત સાબિત થયેલ છે કે કેમ તે નિર્ણિત કરતા સમયે તે અંગે કાયદાથી પ્રસ્થાપિત સિધ્ધાંત લક્ષમાં લેતા, દીવાની કેસો માં રજુ પુરાવાથી રેકર્ડ પર આવેલ હકીકત, જે પક્ષકાર પર સાબિતિનો બોજો હોય તેટલે અંશે સાબિત કરવાની હોય છે અને કોઈપણ સમજુ માણસ માની શકે તે રીતે કોર્ટે સ્વીકારવાની હોય છે. આ દાવામાં ફ્રેમ કરેલ મુદ્દાઓ નો ઉપરોકત ચર્ચા કર્યા મુજબના પુરાવા ના મુલ્યાંકન અંગેના સ્થાપિત સિધ્ધાંતો લક્ષમાં લઈ નિર્ણય કરવામાં આવેલ છે.

વાદી તરફે રજુ પુરાવો:-

| ક્રમ | સાહેદ નુ નામ | આંક |
|---|---|---|
| ૧ | નાયબ ઈજનેર શ્રી ધર્મેન્દ્રસિંહ કે. જાડેજા<br>પી.જી.વી.સી.એલ., શહેર સબ ડીવીઝન નાઓની જુબાની | ૧૦ |

| ક્રમ | દસ્તાવેજ ની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પ્રફોર્મા નં-૧૨ | ૧૨ |
| ૨ | ગ્રાહકની ડી.પી.સી.સી. | ૧૩ |
| ૩ | ગ્રાહકની લેઝર શીટ | ૧૪ |
| ૪ | સાઈટ વેરીફિકેશન | ૧૫ |
| ૫ | વકીલ મારફત આપેલ નોટીસની સ્થળપ્રત | ૧૬ |
| ૬ | પરત આવેલ નોટીસવાળુ કવર અસલ | ૧૭ |

વાદી કંપની તરફથી આંક-૧૮ થી કલોર્જીગ પુરશીશ રજુ થયેલ છે.

(૬) **મુદ્દા નં.૧ થી ૩ ના નિર્ણય અંગે ના કારણો:-**

આ કામે રજુ પુરાવા વંચાણે લેતા, વાદી કંપની તરફથી રજુ મૌખીક પુરાવામાં દાવા અરજી ની હકીકતો મુજબ ની જ તેમજ દાવા ના રેકર્ડ મુજબ ની જ હકીકત જણાવેલ છે. પ્રતિવાદી વાદી કંપની નાં ગ્રાહક છે તેવી હકીકત ને રજુ પુરાવા થી સમર્થન મળે છે. પ્રતિવાદીએ વાદીનાં પુરાવા ને પડકારેલ પણ નથી અને જેથી પ્રતિવાદી વાદી કંપની નાં ગ્રાહક છે તેવી વાદી ની હકીકત ન

માનવા ને કોઈ કારણ નથી. વાદી કંપની સરકારી કંપની છે અને તેઓ દ્વારા રજુ કરવામાં આવેલ ખાતા નો ઉતારો સામાન્ય ક્રમમાં રાખવામાં આવતા હીસાબી ચોપડા નો ઉતારો છે.જેથી સદર દસ્તાવેજ ન માનવા ને કોઈ કારણ નથી. વાદી કંપનીના રજુ પુરાવા ધ્યાને લેતાં, પ્રતિવાદી વાદી કંપનીનાં ગ્રાહક છે. જેથી, પ્રતિવાદીએ કરેલ વીજવપરાશ ની રકમ વસુલ મેળવવા વાદી કંપની હક્કદાર છે. આ કામે વાદી તરફે રજૂ થયેલું પુરાવાનું સોગંદનામુ આંક –૧૦ થી અને આંક – ૧૨ થી આંક – ૧૭ સુધી રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતાં આ કામના પ્રતિવાદીએ વીજચોરી કરી હોવાની હકીકત પુરવાર થાય છે. વાદીના સદરહું પુરાવાનું ખંડન કરતો કોઈ પણ પુરાવો પ્રતિવાદી તરફે રજૂ થયેલ નથી. જેથી વાદી પ્રતિવાદી પાસેથી સદરહું દાવાવાળી રકમ મેળવવા હકકદાર થાય છે. આ ઉપરાંત વાદી કંપની દ્વારા પ્રતિવાદી ને વીજવપરાશ ની રકમ નુ બીલ આપવામાં આવેલ છે અને તેવી રકમ ભરવા માટે નોટીસ પણ આપવામાં આવેલ છે તેમ છતાં પ્રતિવાદી દ્વારા વીજવપરાશ ના બીલ ની રકમ ભરપાઈ કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં વાદી કંપની જી.ઈ.આર.સી.આર.(સપ્લાય કોડ) કે જે વીજ અધીનીયમ ની જોગવાઈ હેઠળ બનાવવામાં આવેલ છે, તેની જોગવાઈ મુજબ બાકી લેણી રકમ પર નિર્ધારીત દર મુજબ વિલંબીત ચાર્જીસ ની રકમ મેળવવા હક્કદાર છે તેમ ઠરાવવામાં આવે છે. આ ઉપરાંત મૌખીક પુરાવા અને તેના સમર્થન માં રેકર્ડ પર રજુ દસ્તાવેજો થી વાદી નો દાવો સમયમર્યાદા માં હોવા ની હકીકત સ્પષ્ટ છે. આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદી પ્રતિવાદી પાસે થી દાવાવાળી રકમ વસુલ મેળવવા હક્કદાર છે. વાદી દ્વારા દાવાવાળી રકમ ઉપર દાવા તારીખથી તેવી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૧૮ % વ્યાજ ની માંગણી કરવામાં આવેલ છે. જે અંગે સી.પી.સી.ની કલમ.૩૪ ની જોગવાઈ લક્ષમાં લેતા, વાદી કંપની દાવાવાળી રકમ પર નેશનલાઈઝડ બેન્ક ના પ્રર્વતમાન દર મુજબ વાર્ષિક ૬ % લેખે વ્યાજ મેળવવા હક્કદાર છે તેમ ઠરાવવામાં આવે છે. આથી,ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ના કારણોસર, મુદ્દા નં.૧ નો નિર્ણય હકરામાં ઠરાવવામાં આવે છે. વધુમાં મૌખીક અને દસ્તાવેજી પુરાવાથી રેકર્ડ પર આવેલ હકીકતથી, વાદીએ આ દાવો પ્રતિવાદીની કસુરના કારણે કરવો પડેલ છે તેમ સાબિત થયેલ હોવાથી, વાદી આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી મેળવવા હક્કદાર છે તેમ ઠરાવી અને તે મુજબ વાદીએ માંગેલ દાદ અશંત: મંજુર થવાપાત્ર હોવાનું ઠરાવવામાં આવે છે અને તે મુજબ મુદ્દા નં. ૨ નો નિર્ણય અશંત: હકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં. ૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

૧. વાદીનો દાવો ખર્ચ સહીત અશંત: મંજુર કરવામાં આવે છે.

૨. આથી, ઠરાવવામાં આવે છે કે,વાદી પ્રતિવાદી પાસે થી કાયદેસરની લેણી રકમ રૂા. ૨૦,૨૩૬.૧૧ પૈસા (અંકે રૂપિયા વીશ હજાર બસ્સો છત્રીસ અને અગીયાર પૈસા પુરા) સહીત આ રકમ પર દાવા તારીખથી આ રકમ વસુલાત થતા સુધી નખ સમળગાળા માટે વાર્ષિક ૬% લેખે વ્યાજ તેમજ આ દાવાનો વાદીને થયેલ તમામ ખર્ચ મેળવવા હક્કદાર છે.

૩. જો પ્રતિવાદી તેમ કરવામાં કસુર કરે તો વાદી ઉપરોકત હુકમ મુજબની લેણી રકમ, પ્રતિવાદીની તમામ જંગમ તેમજ સ્થાવર મીલકતમાં થી વસુલ મેળવી શકશે.

૪. ચુકાદા મુજબ હુકમનામું દોરવુ.

આજ તારીખ ૧૬મી, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી હુકમ જાહેર કર્યો.

સહી/– એ.એચ.દવે

(આશિષકુમાર હસમુખલાલ દવે)

તારીખ. ૧૬/૦૬/૨૦૨૬
સ્થળ: ધ્રાંગધ્રા

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને
એડી. ચીફ જ્યુડી મેજીસ્ટ્રેટ
ધ્રાંગધ્રા
**Code : GJ01230**